| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૧૩–૦૨–૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૧૩–૦૨–૨૦૨૬ |
| ફૈંસલ તારીખ | : | ૧૬–૦૭–૨૦૨૬ |
| અવધી : વર્ષ, માસ, દિવસ | | |
| ૦૦ ૦૫ ૦૩ | | |

**સુરેન્દ્રનગરનાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૬૩૧/૨૦૨૬.**
**આંક :–**

**ફરીયાદી** : ચૈતનકુમાર ભવનભાઈ ઝીંઝુવાડીયા,
ઉ.વ.આ.૨૬ ધંધો.વેપાર,
રહે. ન્યુ ૮૦ ફુટ રોડ,એસ ટી નગર,
અંબે માં મંદીર પાસે, સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**આરોપી** : ચિંતનભાઈ ભરતભાઈ વસાણી,
ઉ.વ.આ.૪૦ ધંધો.વિમા કંપની એજન્ટ,
રહે.વાદીપરા શેરી નં ૬, ધાવડી માતાજી મંદીર પાસે, સુરેન્દ્રનગર.

**ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

**ફરીયાદી તરફે વિ.વ. શ્રી. પી.આર.વોરા.**

**આરોપી જાતે.**

## –:: ઠરાવ ::–

**ફરીયાદની ટુંકમાં હકીકત::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોક્ત જણાવેલ સરનામે રહે છે. વેપાર કરે છે.

વધુમાં જણાવે છે કે, આરોપી ઉપરોક્ત સરનામે રહો છો. વિમા કંપનીમાં એજન્ટ તરીકે કામ કરો છો.

વધુમાં જણાવે છે કે, આરોપી તથા ફરીયાદી ખાસ મિત્ર હોઈ આરોપી ને આકસ્મિક કામ સબબ હાથ ઉછીના રકમ ની જરૂરત છે. તેમ કહી ફરીયાદી આરોપીને ૧ વર્ષ પહેલા હાથ ઉછીના રોકડા રૂા.૧,૨૦,૦૦૦ અંકે રૂપીયા એક લાખ વીસ હજાર હાથ ઉછીના રકમની જરુરત છે. તેમ કહી આરોપી જણાવેલ કે મારે એક જગ્યાએ આપવાના છે. તેમ કહી થોડાક દિવસ પુરતા રૂપીયાની જરૂરત છે. છ માસ બાદ પાછા આપી દેવાનુ કહી રૂપીયા લઇ ગયા છો. અને આરોપી પાસે ફરીયાદીએ રૂપીયા પાછા માગતા આરોપીએ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂા.૧,૨૦,૦૦૦/- રુપિયા અંકે રૂપીયા એક લાખ વીસ હજારનો રાજકોટ નાગરીક સહકારી બેંક સુરેંદ્રનગર શાખાનો ચેક લખી આપી જણાવેલ કે ચેક ફરીયાદીના ખાતામાં નાખસો એટલે ફરીયાદીને ફરીયાદીના રૂપીયા મળી જશે તેવી ખાત્રી આપેલ.

વધુમાં જણાવે છે કે, આરોપી એ ફરીયાદીને આરોપી રાજકોટ નાગરીક સહકારી બેંક સુરેંદ્રનગરશાખાનો ચેક આપી ને જણાવેલ કે ચેક ફરીયાદીના ખાતામાં નાખશો. તમોને તમારા રૂપીયા મળી જશે. આરોપી આકસ્મીત જરૂરતના કામે ફરીયાદી પાસે થી હાથ ઉછીના મિત્રતાના દાવે લઈ ગયેલા. આરોપીએ જણાવેલ કે આ રૂપીયા થોડાક સમયમાં પાછા આપી દઈશ. પણ આરોપીએ આજ દીન સુધી આપ્યા નહિ. આરોપીનો બદઈરાદો હતો. આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત કરેલ છે. આ રીતે આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના લીધા તે બદલ આરોપીએ ફરીયાદી ને આરોપીની સહી વાળો ચેક આપેલ.

વધુમાં જણાવે છે કે, આરોપીએ રૂા.૧,૨૦,૦૦૦/- અંકે એક લાખ વીસ હજાર પુરાનો રાજકોટ નાગરીક સહકારી બેંક સુરેંદ્રનગર શાખાનો આરોપીની સહી વાળો ચેક નં. ૦૦૦૦૩૬ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ નો ચેક આપેલ અને જણાવેલ કે મારા ખાતામાંથી ઉપાડી લેજો સદરહુ ચેકમાં ફરીયાદીની રૂબરૂમાં સહી કરી

આપેલ છે. તે સમયે ફરીયાદીને એવો વિશ્વાશ અને ભરોસો આપેલ કે સદરહુ ચેક તમારા ખાતામાં નાખસો તો તમારી હાથ ઉછીનીલેણી રકમ રૂા.૧,૨૦,૦૦૦/– અંકે એક લાખ વીસ હજાર મળી જશે.

વધુમાં જણાવે છે કે, આરોપીના કહેવા મુજબ ફરીયાદીની તેમની કાયદેસરની લેણી રકમ રૂા.૧,૨૦,૦૦૦/– અંકે એક લાખ વીસ હજાર પુરાનો ચેક ફરીયાદી તેમની બેંક ઓફ બરોડા બેંક સુરેન્દ્રનગરશાખામાં તેમના બેન્ક ખાતા નં. ૩૮૭૭૦૧૦૦૦૦૪૯૬૧ વાળા ખાતામાં તા. ૦૪/૧૨/૨૦૨૫ ના રોજ આરોપીએ આપેલ ચેક વસુલાત અર્થે જમા કરાવેલો. સદરહુ ચેક કિલયરિંગમાં જતા આરોપીના બેન્ક ખાતામાં આપેલ ચેકની રકમ જેટલી રકમનુ પૂરતુ બેલેન્સ નહી હોવાને કારણે તા. ૦૫/૧૨/૨૦૨૫ના રોજ બેંક ઓફ બરોડા બેંક સુરેન્દ્રનગર શાખાના ચેક રિટર્ન મેમો મુજબ ચેક પરત થવાનુ કારણ " FUNDS INSUFFICIENT ના શેરા સાથે સદરહુ ચેક વગર વસુલાતે પરત આવેલ આ ચેક પરત થયેલાની જાણ ફરીયાદીને તેમની બેંક ઓફ બરોડા બેંક સુરેન્દ્રનગર શાખાએ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ જાણ કરેલી તેમજ સદર ચેક તથા રિટર્ન મેમો ફરીયાદીને પરત સોપી આપેલ એ રીતે ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ રૂા.૧,૨૦,૦૦૦/– અંકે એક લાખ વીસ હજાર પુરા વસુલ મળેલ નથી.

વધુમાં જણાવે છે કે, આ રીતે આરોપીના બેન્ક ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ નહી હોવાની હકીકત આરોપી જાણતા હોવા છતા આરોપીએ ફરીયાદીને ખોટો અને બોગસ ચેક આપી છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરેલ છે. તેમજ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ફોજદારી ગુન્હો આચરેલ છે. ફરીયાદી તેમજ આરોપી વચ્ચે મિત્રતાના સારા સબંધો જળવાઈ રહે તેથી ફરીયાદીએ સદરહુ ચેક તેમના બેન્ક ખાતામાં ચેકની કાયદેસરની મુદત પુરી થતા પહેલાના છુટકે જમા કરાવેલ છે.

વધુમાં જણાવે છે કે, ઉપરોક્ત આરોપીને તેમના સાચા રહેણાકના સરનામે મોકલાવેલ રજી. એડી. નોટિસ આરોપીને તા.૦૩/૦૧/૨૦૨૬ રોજ મોકલેલ તા.૦૫/૦૧/૨૦૨૬ ના રોજ

નોટીસ બજીને પરત આવેલ છે. આમ છતા અમો ફરીયાદીએ અમારી કાયદેશરની લેણી રકમ ચુકવી આપવા કોઇ દરકાર કરેલ નથી. જેથી અમો ફરીયાદીને ફરીયાદ મુજબની ચેકની લેણી નિકળતી રકમ ચુકવેલ નથી. જેથી નોટીસના દિવસ પંદરની મુદત વિતતા હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આમારી નોટીસ બાબતે આ કામના આરોપીએ નોટીસનોકોઇ જવાબ આપેલ નથી.

વધુમાં જણાવે છે કે, આ કામના આરોપીને અમો ફરીયાદીનેહાથ ઉછીના કાયદેસરના લેણા પરત ચુકવવા પેટે આપેલ પેરા- ૩ ની વિગતવાળો ચેક પેરા-૪, ૫ની વિગતે પરત થયેલ હોય અને કાયદા મુજબ નોટિસ આપવા છતા મુદ્દત વિતવા છતા ફરીયાદ મુજબના ચેકની રકમ નહી ચુકવીને આ કામના આરોપીએ નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલહોય તેની સામે કાયદા મુજબચેકથી બેવડી રકમનો દંડ કરી તેમજ બે વર્ષ ની સજા કરી તેમ જ અમો ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે અપાવવા અને તે મુજબ ધોરણસર થવા મારી ફરીયાદ છે.

**<u>આરોપીને સમન્સની બજવણી તથા ઈન્સાફી કાર્યવાહી:-</u>**

(૨) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા ગુનાનું સંજ્ઞાન લઈને આંક-૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ બી.એન. એસ.એસ,૨૦૨૩ ની કલમ-૨૨૭ મુજબ અધિનીયમની કલમ-૧૩૮ મુજબના ગુનાનો આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, બી. એન. એસ. એસ ૨૦૨૩ ની કલમ - ૨૭૪ મુજબ આરોપીની પ્લી **આંક -૬** થી નોંધેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>:: ફરીયાદીએ તેમની હાલની ફરીયાદના સમર્થનમાં રજુ કરેલ પુરાવા ::</u>**

(૩) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા:–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી ચૈતનકુમાર ભવનભાઈ ઝીંઝુવાડીયાનું પુરાવાનું સોગદનામુ |

**દસ્તાવેજી પુરાવા:–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | તહોમતદારે આપેલ ચેક |
| ૨ | ૦૮ | ચેક રીર્ટન થયા અંગેનો રીર્ટન મેમો |
| ૩ | ૦૯ | તહોમતદારને આપેલ નોટીસ |
| ૪ | ૧૦ | રજી. એડી. ક્યાંની પહોંચ |
| ૫ | ૧૧ | પોસ્ટલ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ |
| ૬ | ૧૨ | એકનોલોજમેન્ટ |

(૪) આરોપીને ઉલટતપાસ માટે પુરતી તકો આપેલ હોવા છતાં ઉલટતપાસ માટે કોઈ તૈયારી દર્શાવેલ નહી કે ઉલટતપાસ લીધેલ નથી. ત્યારબાદ આરોપીની ઉલટતપાસનો હકક **તારીખ : ૦૭/૦૭/૨૬** ના રોજ બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૫) ઉપર મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે **આંક–૧૪** થી તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**આરોપીનું બી.એન.એસ. એસની ક–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન**

(૬) ત્યારબાદ બી.એન.એસ.એસ,૨૦૨૩ ની ક.૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદનના તબકકેપણ આરોપીની ગેરહાજરીના કારણે

ફરીયાદી તરફથી **આંક –૧૫** થી અરજી આપતા **તા. ૧૪/૦૭/૨૬** ના રોજ આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવાનો હુકમ કરેલ.

(૭) ફરીયાદપક્ષે તરફે મૌખીક દલીલો સાંભળી તેમજ આરોપી તરફે થી દલીલનો હકક બંધ કરવામાં આવે છે. આરોપી તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૮) ત્યારબાદ તે ઉપરાંત ફરીયાદી તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદી તર્ફે મૌખિક દલીલ થયેલ છે કે, આરોપીએ ફરીયાદીની તરફેણ મા તકરારી ચેક ઈસ્યુ કરેલ છે. ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૦૭ થી આંક – ૧૨** સુધીના અસલ દસ્તાવેજો તથા ખરી નકલો રજુ કરવામાં આવેલ છે. આરોપી હાજર ન રહેતા ફરીયાદપક્ષ ધ્વારા આરોપીનો ઉલટ તપાસ નો હકક બંધ કરવામાં આવેલ છે તથા એફ.એસ હકક બંધ કરવાની અરજી આપતા તે લગત હુકમ કરવામાં આવેલ છે. આરોપી તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ થકી આરોપી સામે આક્ષેપિત ગુનો પુરવાર થતો હોય કાયદામા ઠરાવ્યા મુજબ સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવા અને સાહેદની જુબાની અને ફરીયાદપક્ષે રજુ દલીલો ધ્યાને લેતા આ કેસના આખરી ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપી એ ફરીયાદીને આપેલ ફરીયાદ વાળો ચેક વણચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહી

ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**(૧૧)** એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે એન.આઈ.એકટની કલમ ૧૧૮ મુજબનો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ વંચાણે લેતા તેમા પણ જયા સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ – ૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: માટે મેળવ્યો હતો આમ, કલમ ૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીયમ પત્ર ઉપર સહી કરી આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય

રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીયમચપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ ૧૧૮,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેશમાં, ફરીયાદી વિનિમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ સાચુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને આવી ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષે રહેલ છે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની જોગવાઈ અન્વયે આ કામે ગુનાના તત્વોની સાબિતી અંગે જોવામાં આવે તો આ કામે **આંક–૦૭** થી રજુ **તા. ૨૬/૧૧/૨૫** ના રોજનો ચેક **નં. ૦૦૦૦૩૬** વાળો અસલ ચેક આ કામના આરોપી દ્વારા પોતાની સહી કરી આપવામાં આવેલ હોય તથા ચેકમાં આરોપીની સહી ન હોય તે અંગેની કોઈ તકરાર પણ ન હોય, અથવા સહી અંગે તકરાર હોય તો તે આ કામે આરોપી તરફે સહી તેમની નથી તે સાબીતીનો બોજો આરોપીનો હોવા છતાં તે આ કામે જરુરી પુરાવા રજુ રાખી ઓનસ રીવર્ટ કરેલ નથી, ત્યારે પ્રથમ(૧) તત્વ તરીકે ચેક હાલના આરોપી દ્રારા ઈસ્યુ કરવામાં આવેલ છે તેમ માનવા પુરતા આધાર રેકર્ડ ઉપર જણાય છે. તે જ રીતે **આંક–૦૭** વાળો ચેક ધ્યાને લેતા, ફલીત થાય છે કે, ચેક **નં. ૦૦૦૦૩૬** વાળો **તા. ૨૬/૧૧/૨૫** ના રોજનો અસલ ચેક કિલયરિંગમાં જતા આરોપીના બેન્ક ખાતામાં આપેલ ચેકની રકમ જેટલી રકમનુ પૂરતુ બેલેન્સ નહી હોવાને કારણે તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ બેંક ઓફ બરોડા બેંક સુરેન્દ્રનગર શાખાના ચેક રિટર્ન મેમો મુજબ ચેક પરત થવાનુ કારણ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે સદરહુ ચેક વગર વસુલાતે પરત આવેલ. જે હકીકત તત્વ(૨) અને

(૩)ની સાબીતીના રેકર્ડ ઉપર આધાર બને છે. **આંક–૦૮** વાળો દસ્તાવેજ જોતા ચેક ઈસ્યુ કર્યાની તારીખથી ચેકની વેલીડીટી જે તે સમયના નિયમ મુજબ ૩ અથવા ૬ માસ દરમ્યાન બેન્કમાં ચેક રજુ થયેલાનું ફલીત થાય છે તથા તે કારણ "FUNDS INSUFFICIENT"ના કારણે પરત થયેલાનું ફલીત થાય છે. ત્યારબાદ **આંક–૦૯** થી નોટીસ તથા પોસ્ટની સફેદ પાવતી તથા **આંક–૧૦** પોસ્ટલ ખાતાનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ ધ્યાને લેતા રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ હોવાનું ફલીત થાય છે કે, ફરીયાદીએ આરોપી પાસેથી તેના વકીલ મારફતે ડીમાન્ડ નોટીસ આરોપીના સરનામે **તા. ૩/૦૧/૨૦૨૬** ના રોજ રજી. એડી. થી નોટીસ મોકલેલ. જે નોટીસ **તા. ૦૫/૦૧ /૨૦૨૬** ના રોજ બજી ગયેલ છે. જે ચેક રીટર્ન થયાની તારીખથી દિન–૩૦ ની અંદર મોકલવામાં આવેલ છે. જયારે **તા.૦૩/૦૧/૨૦૨૬** ના રોજની રજીસ્ટર્ડ પોસ્ટથી આરોપીને નોટીસ આરોપીના સરનામે જે ફરીયાદમા બતાવવામાં આવેલ  છે તે જ સરનામે મોકલેલ હોવાનુ ફલીત થાય છે ત્યારે દિન–૧૫ ની અંદર આરોપી ધ્વારા નોટીસમાં જણાવેલ લેણી રકમ આરોપી ધ્વારા ચુકવવામાં આવેલ નથી તેવુ ફલીત થાય છે જે કારણસર નિયત સમય મર્યાદા એટલે કે નોટીસ મોકલ્યાના/બજયાના પંદર દિવસ પૂર્ણ થયા બાદ ત્રીસ દિવસની અંદર આરોપી સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે. ત્યારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે રજુ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલાનુ ફલીત થાય છે. વધુમાં તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત/નામદાર વડી અદાલતના ચુકાદાના ધ્યાને લેતા જેમાં

1. **2023 (0) AIJEL-HC 247313, GUJARAT HIGH COURT, Manoj Vasudev Sompura Versus State Of Gujarat, Special Criminal Application No. 6721 of 2023** નો ચુકાદો વંચાણે લેતા,

**Dishonour of Cheque :** Accused had not availed of any of opportunities provided by Trial Court to conduct cross-examination of complainant - Trial Court was completely justified in passing impugned order of conviction in absence of accused - this set of circumstances could not be classified as a contingency warranting exercise of writ jurisdiction or inherent powers u/S. 482 of CrPC when an effective alternative remedy of filing appeal is available to accused.

Code of Criminal Procedure, 1973-S. 482-Negotiable Instruments Act, 1881-S. 138, 148 - Constitution of India - Art. 226, 227 - dishonour of cheque petition for quashing of order of conviction - availability of alternative remedy would not operate as a bar for exercising writ jurisdiction under Article 226 of Constitution in at least three contingencies, namely, where writ petition has been filed for enforcement of any of Fundamental Rights or where there has been a violation of principles of natural justice or where order or proceedings are wholly without jurisdiction or vires of an Act is challenged **in present case, before Trial Court, sufficient opportunities were granted to petitioner to conduct cross-examination of complainant**

<u>- however, it appears that petitioner had not availed of any of opportunities provided by Trial Court to conduct cross-examination of complainant - therefore, Trial Court was left with no other option but to conduct trial in absence of petitioner, who had deliberately or voluntarily chosen to evade trial proceedings hence, no reason for Trial Court to issue any warrant against petitioner petitioner had not produced any evidence in his defence or had made any submissions either oral or in writing thus,</u> decision to not conduct cross-examination of complainant in spite of repeated opportunities was a deliberate, intentional and conscious decision on the part of petitioner - it was not that petitioner was not aware about the stage of trial proceedings this set of circumstances could not be classified as a contingency warranting exercise of writ jurisdiction or inherent powers u/S. 482 of CrPC when an effective alternative remedy of filing appeal is available to petitioner petitioner has effective remedy of filing statutory appeal u/S. 148 of NI Act against impugned order of conviction and sentence - Trial Court was completely justified in passing impugned judgment and order no interference required petition dismissed.

2. 2025 (0) AIJEL-MH-2502426, BOMBAY HIGH COURT, Navneet Singh Gogia And Another Versus State Of Maharashtra And Another

**(a)** Negotiable Instruments Act, 1881 S. 138 Criminal Procedure Code, 1973-S. 313 challenge to conviction and sentence under S. 138 for dishonor of cheques in absence of accused during trial -whether trial Court can proceed without presence of accused or their advocate and dispense with recording statement under S. 313 of CrPC **held, trial Court has authority to proceed in absence of accused if they fail to appear despite multiple opportunities and do not seek exemption through counsel -mandatory recording of statement under S. 313 can be dispensed with in such cases as the nature of proceedings under S. 138 is quasi-criminal revisions dismissed, conviction and sentence confirmed. (Paras 1-59)**

(b) Negotiable Instruments Act, 1881-S. 142(1)-Criminal Procedure Code, 1973-S. 273-examination of procedural compliance during trial for offences under S. 138-implications of absence of accused on trial proceedings - held, evidence must generally be recorded in presence of accused as per S. 273 CrPC unless exceptions apply; however, if the accused persistently absents themselves without justification, the trial may continue without their presence or statement being recorded under S. 313 CrPC- this aligns with legislative intent for expeditious resolution in cheque dishonor cases. (Paras 14-20)

**3.** **In case Hiten P. dalal Vs. Batindranath banerjee AIR 2001 SC 2895 Hon'ble Apex Court has held that- " the**

**moment cheque is issued the presumption runs against the accused.** the wordsused for the presumption are "unless contrary is proved"therefore, the accused either by way of cross examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforciable liability".

4. **Bir Singh vs. Mukesh Kumar reported as, (2019) 4 SCC 197, Para"32.** The proposition of law which emerges from the judgments referred to above is that **the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.**

Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. **It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

Para 34. **<u>If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.</u>**

હાલ ઉપરોકત ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે જોવામાં આવે તો આરોપી તરફે આ કામે રજુ ચેકમાં તેઓ ની સહી નથી અથવા ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે અને ચેકની રકમ આરોપી પાસેથી ફરીયાદીની તરફેણ માં નીકળતી નથી તે અંગે કોઈ વાંધા તકરાર કે તે માટે જરુરી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

ઉપરોકત ચુકાદાઓનો નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આ કામે સવાલવાળા ચેકમાં આરોપીની સહી નથી તે બાબતની તકરાર ન હોય અથવા જો તકરાર હોય તો તે તકરાર જરૂરી પુરાવા સાથે રેકર્ડ પુરવાર કરવામાં આવેલ ન હોય ત્યારે ફરીયાદી તર્ફેની દલીલ ફરીયાદીની તરફેણમાં છે તેમ માની શકાય જેથી ઉપરોકત કારણોસર ફલિત થાય છે કે,આરોપી તરફે ફરીયાદીની તરફેણ માં કાયદા મુજબ કરવાની રહેતી અનુમાનના ખંડન માટે મહત્વની કોઈ હકીકત અથવા પુરાવા આરોપી પક્ષે રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે કાયદા મુજબ આરોપી વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન થાય છે તેમ ફલિત થતું નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાને અંતે ફલિત થાય છે કે, આ કામના ફરીયાદીને આરોપીએ આપેલ ચેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ-૧૩૮ મુજબ વગર વટાવેલ પરત થયેલ છે અને ત્યારબાદ

આરોપીએ માંગણા નોટીસ ઉપરાંત પણ ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ નથી ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ નિયત સમય મર્યાદાની અંદર દાખલ કરેલ છે તથા કલમ–૧૩૮ ના ગુના સબબ ફરીયાદીની તરફેણમાં તથા આરોપીની વિરૂઘ્ધમાં જરૂરી અનુમાન કરવા માટે રેકર્ડે ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાના થતા અનુમાનના ખંડન માટે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં થયેલ કાયદાકીય અનુમાન અખંડીત રહે છે જે કારણસર આ કામના આરોપીએ નેગોશીએબેલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો આચરેલ છે તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે. આરોપી વિરુઘ્ધ કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ હોય, તે હકીકત ઘ્યાને લેતા અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે.

આરોપી જાતે કોર્ટમાં હાજર થયેલ છે અને પોતાની સામેના આક્ષેપનો ઈનકાર કરી બચાવની માંગણી કરેલ છે. જેથી સદર કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક હાજર રહેલ નથી કે ચેકની રકમ ચુકવી આપેલ નથી.જેથી આરોપીને પોતાની સામેના કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક ફરીયાદીના કેશને વિલંબ કરવાના આશયથી ગેરહાજર રહેલ છે. જેથી આરોપીને ગેરહાજરીના કારણે કોર્ટ આરોપી કેશ ચલાવવા માટે આવે તેની રાહ જોઈ બેસી રહે તે ન્યાયી તથા ઉચીત નથી. હવે હાલના તબકકે જયારે આજરોજ ઠરાવ તારીખ હોય, તેમજ જયારે આજરોજ સબબ કામ મારી સમક્ષ રજુ થયેલ ત્યારે વારંવાર આરોપી નો પોકાર કરાવતા કોર્ટ રૂબરૂ હાજર થયેલ નથી ત્યારે ફલીત થાય છે કે, આરોપીને આ કામનો હુકમ સાંભળવામાં રસ નથી જેથી આ હુકમ જાહેર

થાય ત્યાં સુધી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનું **શરદ જેઠાલાલ સાવલા વીરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ** સી.આર. એમ.એ. નં. ૧૯૮૬૨ ઓફ ૨૦૧૫, જી.એલ.આર. હાઈકોર્ટ ૧૦૦૦૬૦૪૪ ના ચુકાદો ધ્યાને લેતાં જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

That there is No illegality as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused.The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence. in view of the provisions of Section 418(2) of the Cr.P.C. when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest.

In the absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.

જેથી આ કામના આરોપી ઈરાદા પુર્વક કેશની કાર્યવાહીથી દુર રહેલ છે.જેથી આરોપીની ગેરહાજરીના કારણે ફરીયાદ પક્ષને અન્યાય

કરી શકાય નહી. જેથી ફરીયાદી પક્ષેની દલીલોનો સ્વીકાર કરી મુદ્દા નં. ૧ નો જવાબ '' હ કા ર માં '' આપી મુદ્દા નં. ૨ માટે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: આખરી હુકમ ::–

(૧) આથી, આ કામના આરોપી ચિંતનભાઈ ભરતભાઈ વસાણી, ઉ.વ. આ.૪૦ ધંધો.વિમા કંપની એજન્ટ, રહે.વાદીપરા શેરી નં ૬, ધાવડી માતાજી મંદીર પાસે, સુરેન્દ્રનગર નાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં દોષિત ઠરાવી **૧ વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩) અન્વયે **રૂા. ૧,૨૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા)** ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે, આરોપીએ વળતરની રકમ આ હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવી વિકલ્પે આ રકમ અદાલતમાં જમા કરાવવી, આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **(૩) ત્રણ મહીનાની** સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી સજા અંગેનો ચુકાદો સંભળાવતા સમયે ગેરહાજર રહેલ હોઈ, આરોપી ગેરહાજર રહેલ હોય અને તેમની હાજરી ડીસ્પેન્સ વીથ કરેલ ન હોય તે સંજોગોમા આરોપી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪(૧)અનુસાર સદર ઠરાવની નકલ

વિના મુલ્યે મેળવવા હકકદાર ઠરતા નથી અને આરોપી વિરુધ્ધ સજાની અમલવારી સારુ નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કરવુ.

હુકમ આજરોજ તારીખ :૧૬ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૧૬/૦૭/૨૦૨૬.

(જીજ્ઞેશકુમાર સુરેશભાઇ પંચાલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર(જજ કોડ નં. GJ-00989)